આકાશવાણી ભુજ

સમાચાર વાચક : શીતલ વૈષ્ણવ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **02-08-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---

## સર્વોચ્ચ અદાલત-રાજ્યોમાં પેટા અનામત

સર્વોચ્ચ અદાલતનાં મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડનાં વડપણ હેઠળની સાત ન્યાયાધીશોની બનેલી બેન્ચે બહુમતી ચૂકાદામાં જણાવ્યું હતું કે, રાજ્ય વિધાનસભાઓ અનુસૂચિતજાતિ અને જનજાતિઓમાં પેટા વર્ગીકરણ કરી શકે છે. સુપ્રિમ કોર્ટે 20 વર્ષ જુનો પોતાનો જ ફેસલો પલટતા 6-1ની બહુમતી સાથે આ આદેશ આપ્યો હતો.

આ ચૂકાદામાં જણાવાયું હતું કે, શિક્ષણનાં પ્રવેશ અને જાહેર નોકરીઓમાં અનામત માટે અનુસુચિત જાતિ અને જનજાતિઓનું પેટા વર્ગીકરણ મંજૂર નથી. અગાઉ, 8 ફેબ્રુઆરીએ સર્વોચ્ચ અદાલતે આ કેસમાં તેનો ચૂકાદો અનામત રાખ્યો હતો.

**RNU** અમદાવાદ

---

## હિમાચલ પ્રદેશમાં આફત

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાથી કુલ્લુ, મંડી અને શિમલામાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. વાદળ ફાટવાની ઘટનાની સાથે સતત થઇ રહેલા વરસાદના કારણે તમામ નદીઓનું જળસ્તર વધી ગયું હતું. વિવિધ સ્થળોએ **NDRF, SDRF,** પોલીસ, હોમગાર્ડ તેમજ અગ્નિશામક દળો રાહત અને બચાવ કામગીરીમાં જોડાયેલા છે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## આફત વ્યવસ્થાપન સુધારા ખરડો

આફત વ્યવસ્થાપન સુધારા ખરડો – 2024 ગઇકાલે લોકસભામાં રજૂ કરાયો હતો. કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે ગૃહમાં રજૂ કરેલા આ ખરડામાં 2005ના આફત વ્યવસ્થાપન કાયદામાં સુધારા સૂચવવામાં આવ્યા છે. આ બિલનો હેતુ આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં કાર્યરત અધિકારીઓ અને સમિતિઓની ભૂમિકામાં વધુ સ્પષ્ટતા અને એકરૂપતા લાવવાનો છે.

**RNU અમદાવાદ**

----------------------------------------------------------------------

## પેરિસ ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક

પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય શૂટર સ્વપ્નિલ કુશાલેએ ભારત માટે ત્રીજો કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. સ્વપ્નિલે પુરુષો માટેની 50 મીટર રાઇફલ 3 પોઝિશનની અંતિમ મેચમાં 195 અંક સાથે ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો હતો. તેઓ ઓલિમ્પિકમાં પુરુષોની રાઇફલ શૂટિંગની આ શ્રેણીમાં ચંદ્રક જીતનારા પ્રથમ ભારતીય શૂટર છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિતના નેતાઓએ સ્વપ્નિલ કુસાલેને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ શુભેચ્છા પાઠવી હતી.

**RNU અમદાવાદ**

---

## ચાંદીપુરા વાયરસ

રાજ્યમાં જૂનથી 31 જુલાઈ, 2024 સુધીમાં 51 કેસોમાં ચાંદીપુરા વાઇરસની પુષ્ટિ થઈ છે. રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, 15થી ઓછી વયના બાળકોમાં એક્યુટ એન્કેફેલાઇટીસ સિન્ડ્રોમના કેસ નોંધાયા છે, જેમાં રાજ્યના 24 જેટલા જિલ્લાઓમાં કુલ 140 કેસ નોંધાયા છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ 59 બાળકોના મૃત્યુ થયા છે.

રાજ્ય સરકારને જાહેર આરોગ્ય ક્ષેત્રે પગલાં લેવામાં મદદરૂપ થવા તેમજ રોગચાળાની તપાસ માટે રાષ્ટ્રીય સંયુક્ત આફત નિવારણ પ્રતિક્રિયા ટીમની રચના કરવામાં આવી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## સાંસ્કૃતિક મંત્રી- ગ્રંથાલયની સુવિધા

ગાંધીનગર ખાતે સાંસ્કૃતિક મંત્રી મૂળૂભાઇ બેરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા એક કાર્યક્રમમાં રાજ્યના પાંચ પુસ્તકાલય અને ગ્રંથપાલોને સ્વ. શ્રી મોતીભાઇ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્રથી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયના 33 જિલ્લા અને ૮૫ તાલુકા મથકોએ સરકારી ગ્રંથાલયો કાર્યરત છે અને આવતા વર્ષ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા 64 સરકારી ગ્રંથાલયો શરૂ કરાશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગત વર્ષે રાજ્યમાં ૧૦ જિલ્લા મથકો ખાતે સ્માર્ટ ગ્રંથાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ વર્ષે ભાવનગર, ભુજ અને અમરેલીમાં સ્માર્ટ ગ્રંથાલયોની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ધોરણ 10-12 પૂરક પરીક્ષા

ધોરણ- 12ની જાહેર થયેલી તમામ પ્રવાહોની પૂરક પરીક્ષાના પરિણામોની ગુણ ચકાસણી અંગેની અરજી આગામી 6 ઓગસ્ટ સુધી કરી શકાશે. અરજી કરવા ઇચ્છતા ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર છઠ્ઠી ઓગસ્ટ સુધી ઓનલાઇન અરજી કરી શકશે. તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ધોરણ- 10ની અને સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાના પરિણામોની ગુણચકાસણી કરવા ઇચ્છતા ઉમેદવારો બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર સાતમી ઓગસ્ટ સુધી ઓનલાઇન અરજી કરી શકશે.

**RNU અમદાવાદ**

---

## હવામાન

અબડાસા પંથક સહિત કચ્છભરમાં વીતેલા દિવસોમાં મેઘમહેર બાદ વરસાદે વિરામ લીધો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ બે દિવસ પછી રાજ્યના વિવિધ ભાગોની સાથે કચ્છમાં પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જિલ્લામથક ભુજમાં ગઇકાલે 32.3 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. માંડવી-મુંદરામાં પણ 31-32 ડિગ્રી આસપાસ પારો રહ્યો હતો.

**RNU અમદાવાદ**

---